ગાંધીનગર સમાચાર

સોનિયા અને રાહુલ સામે સમન્સ ઉપર સ્ટે

નવીદિલ્હી,તા. ૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં દિલ્હી હાઈકોર્ટે નેશનલ હેરાલ્ડ કેસમાં સમન્સ ઉપર ૧૩મી ઓગસ્ટ સુધી સ્ટે મુકી દીધો છે. આનો મતલબ એ થયો કે, કોંગ્રેસના બંને નેતાઓ આવતીકાલે દિલ્હી કોર્ટમાં ઉપસ્થિત રહેશે નહીં. હવે તેમની અરજી ઉપર દિલ્હી હાઈકોર્ટ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવશે. સોનિયા ગાંધીએ ગઈકાલે દિલ્હી હાઈકોર્ટમાં રજૂઆત કરીને જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને લઈને તેઓ દુખી છે. તેમની સામે ખાનગી ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ કેસમાં પ્રોસેસની પ્રક્રિયાને લઈને પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ કાયદાપ્રધાન અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ કોંગ્રેસ પ્રમુખ તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા અને કહ્યું હતું કે, આ કેસમાં પ્રક્રિયા જારી કરવાની બાબત આઘાતજનક હતી. આમા કોઈપણ વાસ્તવિકતા દેખાઈ રહી ન હતી. જસ્ટિસ વીકે વૈશ્ય સમક્ષ આ મુજબની રજૂઆત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાયલ કોર્ટે ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધાર પર કોંગ્રેસના ઘણા બધા નેતાઓ સામે સમન્સ જારી કર્યા હતા. સ્વામીએ આક્ષેપ કર્યો હતો કે, હાલમાં નિષ્ક્રિય થયેલા અખબાર નેશનલ હેરાલ્ડની માલિકી

મેળવવામાં ફંડની ઉચાપત કરવામાં આવી હતી. સાથે સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પક્ષના ખજાનચી મોતીલાલ વોરા, યંગ ઈન્ડિયનના ડિરેક્ટરોમાં સામેલ હતા. યંગ ઈન્ડિયન દ્વારા નેશનલ હેરાલ્ડની માલિકીનો મુદ્દો સપાટી ઉપર આવ્યો હતો. આ તમામ સામે સમન્સ જારી કરાયા હતા. સ્વામીની ફરિયાદને ફગાવી દેવાની રજૂઆત કરીને સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, એસોસિએશન જનરલ લિમિટેડ એજેએલ જે અંગ્રેજીમાં નેશનલ હેરાલ્ડ અખબાર જારી કરે છે અને હિન્દીમાં નવજીવન તથા ઉર્દૂમાં કોમી અવાઝ જારી કરે છે. તેના દ્વારા કોંગ્રેસ પાર્ટી તરફથી ૯૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી. એજેએલને આપવામાં આવેલી લોનને ધ્યાનમાં લેવામાં આવી હતી. જુદા જુદા ચુકાદા અને કાયદાઓનો ઉલ્લેખ કરતા સિબ્બલે કહ્યું હતું કે, આ કાયદેસરની પ્રક્રિયા હતી.

આમા કોઈપણ ગેરરીતિ સર્જાઈ ન હતી. એજેએલને લોન આપવાનો કોંગ્રેસ પાર્ટીને અધિકાર હતો. ૨૬મી જૂનના દિવસે ટ્રાયલ કોર્ટે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મોતીલાલ વોરા, પક્ષના જનરલ સેક્રેટરી ઓસ્કાર ફર્નાન્ડિઝ, સુમન દુબે, શામ પિત્રોડાને સમન્સ આપીને ૭મી ઓગસ્ટે કોર્ટમાં ઉપસ્થિત થવા આદેશ કર્યો હતો. કેસમાં ટ્રાયલ કોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને સિબ્બલે કહ્યું હતું કે, ગુનાની મૂળભૂત બાબતો દેખાતી નથી. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો હોઈ શકે છે પરંતુ આક્ષેપોને ટેકો આપે તેવા કોઈ પુરાવા નથી.

રાજા, કાની મોઝી સહિતના આરોપીઓ છે

ટૂજી મની લોન્ડરીંગ કેસમાં ૨૦મીએ જામીન પર ચુકાદો

નવી દિલ્હી,તા. ૬

ભૂતપૂર્વ ટેલીકોમ પ્રધાન રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી અને અન્યો સામે સનસનાટીપૂર્ણ ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં મની લોન્ડરીંગના આરોપોની સુનાવણી કરી રહેલી દિલ્હીની ખાસ અદાલતે આજે ૨૦મી ઓગસ્ટના દિવસે આરોપીઓની જામીન અરજી ઉપર ચુકાદો આપવાનો નિર્ણય કર્યો હતો. ખાસ સીબીઆઈ જજ ઓપીસૈનીએ જામીન અરજીઓ ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો અને કહ્યું હતું કે, આદેશ હજુ સુધી તૈયાર કરાયો નથી. રાજા, કાનીમોઝી, સ્વાન ટેલીકોમના પ્રમોટર શાહીદ ઉસ્માન બલવા, વિનોદ ગોએન્કા, કુસેગાંવ ફ્રૂટ્સ એન્ડ વેજીટેબલ્સ પ્રાઈવેટ લિમીટેડના ડિરેક્ટર આસીબ બલવા, રાજીવ અગ્રવાલ, બોલીવુડના નિર્માતા કરીમ મોરાની, ડિએમકેના વડા કરુણાનિધીના પત્ની, દયાલુ અમ્મલ, કલેગ્નર ટીવીના ડિરેક્ટર શરદકુમાર સામે આ કેસમાં ઈડી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલી છે. આ કેસમાં કેટલીક કંપનીઓના નામનો પણ ઉલ્લેખ છે જેમાં સ્વાન ટેલીકોમ, કુસેગાવ રિયાલિટી, સીનેયુગ મીડિયા, કલેગ્ન ટિવી, ડાયનેમિક રિયાલીટી, ઈવર્સ સ્માઈલ, કન્સ્ટ્રક્શન, કોનવુડ કન્ટ્રસ્ટ્રક્શન, ડિબી રિયાલીટીનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે જુદી-જુદી કલમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. મની લોન્ડરીંગના કેસમાં પણ તપાસ ચાલી રહી છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે ૨૦૦ કરોડની રકમની હેરાફેરી થઈ હતી. રાજા વતી પણ ભૂમિકા ભજવવામાં આવી હતી.

અરુણ જેટલી દ્વારા કોંગ્રેસની જોરદાર ઝાટકણી

નવીદિલ્હી,તા. ૬

નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, કોંગ્રેસના આક્ષેપો બિલકુલ આધારવગરના છે. ગૃહમાં તેને બોલવાની તક આપવામાં આવી નથી તેવા કોંગ્રેસના આક્ષેપોને અરુણ જેટલીએ ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, એવા એક પણ દાખલા નથી જ્યા કોંગ્રેસને ગૃહમાં તેમની રજૂઆત કરવાની તક આપવામાં આવી ન હોય. જેટલીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા બિનજરૂરી મુદ્દા કેમ ઉઠાવવામાં આવી રહ્યા છે તે બાબત તેમને ગળે ઉતરતી નથી. કોંગ્રેસ પક્ષની લીડરશીપ સામે ઘણી તકલીફો ઉભી થયેલી છે. નેતૃત્વની ક્ષમતા તેમાં દેખાઈ રહી નથી. દબાણ હેઠળ કોંગ્રેસ પાર્ટી આવેલી છે. પાર્ટીની તેમની ટિકાનો ઉલ્લેખ કરતા જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીમાં બળવાની સ્થિતિ દેખાઈ રહી છે. તેમની પાર્ટીની અંદર અસંતોષનું મોજુ ફેલાયેલું છે. એક પછી એક કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પક્ષની વિરુદ્ધમાં નિવેદન કરી રહ્યા છે. પક્ષની અંદર આંતરિક મતભેદો પ્રવર્તી રહ્યા છે પરંતુ પક્ષમાં આંતરિક વિવાદને લઈને ગૃહને ખેંચવાની બિલકુલ જરૂર નથી. તેમણે ઉમેર્યું હતું કે, ટિકાટિપ્પણી કરતા પહેલા તમામ બાબતો તરફ ધ્યાન આપવાની જરૂર છે. જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસ માટે આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે.

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે કહ્યું હતું કે, સંસદમાં તેમની પાર્ટીના અભિપ્રાયોને સાંભળવામાં આવી રહ્યા નથી. કેન્દ્રીય પ્રધાન વેંકૈયા નાયડુ, પક્ષના જનરલ સેક્રેટરી રાજીવ પ્રતાપ રુડી સહિતના ભાજપના નેતાઓ રાહુલના આક્ષેપોની ઝાટકણી કાઢી ચુક્યા છે. રાજીવ પ્રતાપ રુડીએ કહ્યું છે કે, રાહુલ ગાંધીએ જે કંઈ પણ કહ્યું છે તે નિરાશા દર્શાવે છે. અધ્યક્ષ અંગે રાહુલ ગાંધીએ જે કંઈ પણ કહ્યું છે કે બાબત સ્વીકારી શકાય નહીં. રુડીનું કહેવું છે કે, રાહુલે કાયદાની વિરુદ્ધમાં નિવેદન કર્યું છે. અગાઉ લોકસભામાં ભારે ધાંધલ ધમાલ જોવા મળી હતી.

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલનો આક્ષેપ

કોંગ્રેસના અભિપ્રાય ધ્યાનમાં લેવાતા નથી

નવીદિલ્હી,તા. ૬

નવીદિલ્હી કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે જોરદાર શાબ્દિક યુદ્ધની સ્થિતિ ચાલી રહી છે. કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે તેમની પાર્ટીના અભિપ્રાયોને સંસદમાં સાંભળવામાં આવી રહ્યા નથી. નવી સરકાર કોઈપણ મુદ્દા ઉપર ચર્ચાના કોઈપણ સ્વરુપને પ્રોત્સાહન આપી રહી નથી. રાહુલે કહ્યું હતું કે, એક તરફથી પક્ષપાતની સ્થિતિ જોવા મળી રહી છે. અમારા દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દા તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. અમને બોલવાની પણ મંજુરી આપવામાં આવી રહી નથી. અમે ચર્ચાની માંગ કરી રહ્યા છે પરંતુ મોદી સરકાર ચર્ચાની માંગ સ્વીકારવા તૈયાર નથી. રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે, માત્ર એક વ્યક્તિનો અવાજ સાંભળવામાં આવે છે. અન્યોનો અવાજ ધ્યાનમાં લેવામાં આવી રહ્યો નથી.

આઈટી રિટર્ન તરીકે સરકાર કુલ ૪૮૦૬૯ કરોડ ચુકવશે

નવી દિલ્હી,તા. ૬

સંસદમાં આજે માહિતી આપવામાં આવી હતી કે, વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માટે ઈન્કમટેક્સ રિટર્ન તરીકે સરકાર ૪૮૦૬૯ કરોડ રૂપિયા ચુકવશે. રાજ્યસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં નાણાં રાજ્ય પ્રધાન નિર્મલા સીતારામને કહ્યું હતું કે, સાતમી જુલાઈ ૨૦૧૪ સુધીના આંકડા ઉપલબ્ધ થયા છે જે મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ના નાણાકીય વર્ષ અને ૨૦૧૩-૧૪ના નાણાકીય વર્ષ દરમિયાન દાખલ કરવામાં આવેલા રિટર્નના સંદર્ભમાં કરદાતાઓને રાહત આપવામાં આવી છે. રિફન્ડમાં વિલંબ કેમ થઈ રહ્યો છે તે અંગે પૂછવામાં આવતા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, રિફન્ડ નક્કી કરવા રિટર્નની પ્રક્રિયા ખૂબ જ લાંબી પ્રક્રિયા છે. નાણાકીય વર્ષના અંત સુધીની ગણતરી આમાં કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં દાખલ કરવામાં આવેલા રિટર્ન ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી પ્રોસેસમાં ચાલે છે. રિટર્નની ચકાસણી, કરદાતા દ્વારા રિટર્ન દાખલ કરવામાં વિલંબ સહિતના ઘણા પરિબળો રહેલા છે. ટેક્સની ચકાસણી પણ પડકારરૂપ પ્રક્રિયા છે.

પ્રધાને એમપણ કહ્યું હતું કે, અપૂરતા સરનામા, અપૂરતી બેંક ખાતાની માહિતી, પાનનંબરમાં ખોટી માહિતી સહિતના ઘણા પરિબળોના કારણે રિટર્નમાં વિલંબ થઈ શકે છે. સરકાર ટૂંકમાં જ ઈન્કમટેક્સ રિફન્ડ એરિયર્સની ચુકવણી કરી દેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, રિટર્ન અને તેમની પ્રોસેસિંગ રજૂ કરવાની બાબત પણ પડકારરૂપ છે. આ તમામ બાબતોને હવે ધ્યાનમાં લેવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવશે.

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે ઈ-રીક્ષા પરના પ્રતિબંધ સામે બેટરી સંચાલિત રીક્ષા ડ્રાયવરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં તેના ૩૦૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો.

ચીનમાં ભૂંકપમાં મોતનો આંકડો વધી ૫૮૯

૮૦૦૦૦ હજારથી વધુ મકાનો નાશ પામ્યા

બેઇજિંગ,તા.૬

ચીનમાં વિનાશકારી ભૂંકપમાં મોતનો આંકડો આજે સવારે વધીને ૫૮૯ ઉપર પહોંચી ગયો હતો. રવિવારના દિવસે વિનાશકારી ભૂંકપ આવ્યા બાદ ભારે નુકસાન થયું છે. રવિવારે છથી વધુની તીવ્રતા સાથે ભૂંકપનો આંચકો આવ્યો હતો. ધરતીકંપના બે દિવસ બાદ કાટમાળ હેઠળથી હજુ મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ધરતીકંપના કારણે ૮૦૦૦૦ મકાનો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા જ્યારે ૧૨૪૦૦૦ મકાનોને નુકસાન થયું છે. આ પ્રચંડ ભૂંકપમાં આશરે ૨૦૦૦ લોકો ઘાયલ થયા હતા જેપૈકી કેટલાકને ગંભીર ઇજા પણ થઇ છે. સેંકડો લોકો લાપતા દર્શાવવામાં આવ્યા છે. ધરતીકંપના કરાણે વિઝળી અને પરિવહન સેવા સંપૂર્ણપણે ખોરવાઇ ગઇ હતી જેને ફરી શરૂ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ધરતીકંપમાં સ્કૂલ સહિતની શ્રેણીબદ્ધ ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઇ ગઇ હતી. મોતનો આંકડો ખુબ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભૂકંપ બેજિંગના સમય મુજબ રવિવારે સાંજે ચાર વાગે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર લોંગટુશાન ટાઉનશીપમાં હોવાનું જાણવા મળ્યું હતુ. ઝાઓતોંગ શહેરના લુડિયન કાઉન્ટીથી દક્ષિણ પશ્ચિમ દિશામાં ૨૩ કિલોમીટરના અંતરે ભૂકંપનું કેન્દ્ર હતુ. ડિઝાસ્ટર ઝોનમાં ૨૦૦૦ ટેન્ટ, ૩૦૦૦ ફોલ્ડિંગ બેડ, ૩૦૦૦ કોટ મોકલવામાં આવ્યા છે. બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત લોકોનું કહેવું છે કે, મોતનો આંકડો ખુબ વધી શકે છે. કારણ કે, જે વિસ્તારમાં ભૂકંપનું કેન્દ્ર હતું તે લુડિયનમાં ૨૬૫૯૦૦ જેટલા લોકો રહે છે. ચીનમાં ૨૦૦૮માં સિચુઆન પ્રાંતમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો જેમાં ૭૦૦૦૦ લોકોના મોત થયા હતા.બચાવ અને રાહત કામગીરી હજુ જારી રહે તેવી શક્યતા છે.

બેંગ-બેંગ રજૂ થાય તે પહેલા સુપરહિટ થઈ

મુંબઈ, તા.૬

રિતીક રોશન અને કેટરીના કૈફ અભિનીત બેંગબેંગ ફિલ્મ ઓક્ટોમ્બરમાં રજૂ કરવામાં આવનાર છે પરંતુ આ ફિલ્મે રજૂ થાય તે પહેલાં જ નવા રેકોર્ડ સર્જી દીધા છે. ઓનલાઈન રિલીઝ કરવામાં આવ્યા ના ૧૩ કલાકના ગાળામાં જ આ ફિલ્મના ટ્રેલરને ૧૦ લાખ લોકો જોઈ ચુક્યા છે. જેથી નવો રેકોર્ડ સર્જાયો છે. રિતીક રોશનને માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વીટર ઉપર ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મના એક્શન સીનને લઈને પણ ભારે ચર્ચા છે. ઉપરાંત રિતીક રોશન અને કેટરીના કૈફની જોડી ખૂબ જ લોકપ્રિયતા જગાવી રહી છે. જાણકાર લોકોના કહેવા મુજબ આ ફિલ્મ રજૂ થયા બાદ પણ સફળતાના નવા રેકોર્ડ સર્જી શકે છે. કારણકે, આ ફિલ્મ રજૂ થાય તે પહેલા જ સૌથી વધુ ચર્ચામાં છે. રિતીક રોશનની છેલ્લી ફિલ્મ ક્રિશ-૩ પણ બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. જ્યારે કેટરીનાની ધુમ-૩ પણ અભૂતપૂર્વ સફળતા મેળવી ગઈ હતી.

રતન તાતા સ્નેપડિલમાં રોકાણ કરે તેવી શક્યતા

મુંબઈ,તા. ૬

ભારતમાં ઈ-કોમર્સની બોલબાલા વધી રહી છે ત્યારે રતન તાતા પણ ઈ-કોમર્સની સાઈટ સ્નેપડિલમાં જંગી મૂડીરોકાણ કરવાની યોજના બનાવી રહ્યા છે. તાતા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતન તાતા અંગતરીતે મૂડીરોકાણના સંદર્ભમાં શક્યતા ચકાસી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. રતન તાતા વર્ષો સુધી ગ્લોબલ ઓટો અને સ્ટીલ પાવર હાઉસમાં વડા તરીકે રહ્યા હતા. જગુવાર લેન્ડઓવરની સોદાબાજીમાં તેઓ મુખ્ય રહ્યા હતા. સ્નેપડિલના સ્થાપક કુણાલ બહલનું કહેવું છે કે, તેઓ પણ મૂડીરોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસમાં છે.

સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

ભગવાન શ્રીકૃષ્ણે આસૂરી સંપદ ધરાવનારાનું જે વર્ણન કર્યું છે તે વાંચતા આજનો સમાજ જ આંખ સામે તરી આવે છે. શિક્ષણથી માંડી રાજકારણ સુધી આ લોકો જ વર્ચસ્વ ભોગવે છે. ભગવાને તો એ લોકો માટે નરકની વ્યવસ્થા કરી છે પણ આ નિરીશ્વરવાદીઓ તો નરક કે પુનર્જન્મને માનતા જ નથી એટલે તેઓને નરકનો ડર શાનો લાગે - 'ગીતામૃતમ્' ગ્રંથમાં નરક એટલે કુત્સિત જીવન - માત્ર કઠિનાઈમાં વીતે છે. ચાવીરૂપ સ્થાન પરથી ભ્રષ્ટ થયા પછી કોઈ તેનો ભાવ નથી પુછતું. જે સંપત્તિ સંતાનોનાં ઝઘડાનું કારણ બને છે. એકલા, અટુલા, સમાજની હડધૂત તથા અને ક્યારેય સજા ભોગવતા આસૂરી સંપદ ધરાવતા માનવીઓ આત્મહત્યા કરતા હોય છે યા તો પાગલ થઈ જાય છે.

ભગવાને તો આ પરિણામની બચવું હોય તો તેનો માર્ગ પણ દર્શાવ્યો છે. કામ-ક્રોધ તથા લોભને નરકના દરવાજા કહ્યા છે અને તેનાથી બચવા જણાવ્યું છે. કામ કે ક્રોધનો સમૂળો નારા થઈ શકતો નથી. મોટા મોટા ઋષી મુનિઓ પણ તેની પકડમાં આવી જાય છે. ગીતાકાર કામનો નાશ કરવાનું નથી કહેતા કામ ને ક્રોધ આપણી પકડમાં હોવો જોઈએ. આપણી ઈચ્છા પ્રમાણે જ તેનું આવાગમન થઈ શકે. પણ એ નમાલી ભક્તિ છે. જો ધર્મ ભક્તિ અને તત્ત્વજ્ઞાન વ્યક્તિમાં તેમ જ પ્રગટાવે તો ત્રણે સાવ નકામા પુરવાર થાય. આપણે ઈશ્વરના અસ્તિત્વ અંગે સારાંક છીએ તેથી સાચા ભક્ત જેવી નિષ્ઠા જન્મતી નથી. જો વધતા જતા આસુરી સંપદના વ્યાપને અટકાવવો હોય અને નિરાશ્વરવાદી વલણ ઘટાડવું હોય તો દૈવી સંપદો જે ધરાવે છે. તેઓએ સતત પ્રયત્ન કરવા પડશે આ માટે શાસ્ત્ર-સંમત ધાર્મિક કર્મો કરી સમાજમાં જાગૃતિ લાવવા જરૂરી છે.

એન્ડરસન-જાડેજા વિવાદમાં બોર્ડ અરજીને ફગાવાઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ આજે ઈંગ્લેન્ડના ઝડપી બોલર જેમ્સ એન્ડરસનના ચુકાદા સામે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સંસ્થા દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોઈપણ મેરીટ દેખાઈ રહી નથી. આઈસીસીએ કહ્યું છે કે, બીસીસીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોઈ મેરીટ નથી.

ડોલરની વિરૂદ્ધ રૂપિયામાં હાલનો સૌથી મોટો ઘટાડો

નવીદિલ્હી,તા. ૬

ડોલર સામે રૂપિયામાં આજે મોટો ઘટાડો રહ્યો હતો. છેલ્લા સવા છ મહિનાનો સૌથી મોટો ઘટાડો એક દિવસમાં આજે જોવા મળ્યો હતો. ગઇકાલે જ આરબીઆઈની પોલિસી સમીક્ષા રજૂ કરવામાં આવી હતી જેમાં વ્યાજદર યથાવત રખાયા હતા. રૂપિયો આજે કારોબારના અંતે ડોલર સામે ૬૧.૪૯ની સપાટીએ રહ્યો હતો. મંગળવારના દિવસે રૂપિયો ૬૦.૮૪ની સપાટીએ રહ્યો હતો. ૨૪મી જાન્યુઆરી બાદથી સૌથી મોટો ઘટાડો રહ્યો છે. રૂપિયામાં ૧.૦૬ ટકાનો ઘટાડો રહ્યો છે. ૨૦૧૪માં હજુ સુધી બીજો સૌથી મોટો ઘટાડો રહ્યો છે. ફોરેન ફંડ દ્વારા ૩૬૩.૪૮ મિલિયનની કિંમતના ઇક્વિટીનું વેચાણ કર્યું છે જ્યારે આ મહિનામાં ડેપ્ટમાં ૪૪૦.૧૫ મિલિયન ડોલરનું વેચાણ કર્યું છે.

ગૌવહાટી ખાતે જયુબિલી ફાઉન્ડેશન દ્વારા પ્રથમ વખત સમુહ જાગૃતિ માટે વિશ્વ અંગ-દાન દિને યોજાયેલી એક બાઈક રેલીની આસામના ગાયક કલાકાર જયુબલી બારૂધે આગેવાની સંભાળી હતી.

સલમાન કેટરીનાની બહેન ઈશાબેલ કૈફને પ્રમોટ કરશે

મુંબઈ,તા. ૬

અભિનેતા સલમાન ખાનની કિક ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ૨૦૦ કરોડથી પણ વધુની કમાણી કરી લીધા બાદ તમામ નવી અભિનેત્રીઓ પણ સલમાન સાથે કામ કરવા વધુ ઉત્સુક દેખાઈ રહી છે. ભૂતકાળમાં સલમાન ખાન અનેક નવી અભિનેત્રીઓની કેરીયર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. જેમાં કેટરીના કૈફનો પણ સમાવેશ થાય છે. સલમાન ખાન હવે કેટરીના કૈફની બહેન ઈશાબેલને પ્રમોટ કરવાની પણ તૈયારી કરી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ મહિનાના અંતમાં તે ટોરેન્ટોના ત્રણ દિવસના પ્રવાસે જનાર છે જ્યાં તેના પ્રોડ્કશન વેન્ચર ડોક્ટર કેબીને પ્રમોટ કરશે. જેમાં કેટરીના કૈફની બહેન પણ ભાગ લે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સલમાન ખાન પોતાના પ્રોડક્શન બેનર હેઠળ કેટલીક ફિલ્મો બનાવવા પણ ઈચ્છુક છે. સલમાન ખાનની ટોરેન્ટોમાં પ્રવૃત્તિના સંદર્ભમાં કોઈ વિગતો જાહેર કરાઈ નથી. તમામ બાબતો ગુપ્ત રખાઈ રહી છે પરંતુ તેવું જાણવા મળ્યું છે કે, તે ટોરેન્ટોમાં ભારતીય કેબ ડ્રાઈવર સાથે પણ વાતચીત કરનાર છે. કારણકે તેની ફિલ્મ કેબ ઉપર જ આધારીત છે. ટોરેન્ટો સ્થિત અભિનેતા વિનયને આ ફિલ્મમાં લેવામાં આવ્યો છે. કેનેડામાં યુવા ટેક્સી ડ્રાઈવરોના સાહસને આવરી લેતી પટકથા ઉપર આ ફિલ્મ આધારીત રહેશે. સલમાનની સાથે લોકલ ડ્રાઈવરો પણ ભાગ લેવા માટે ઉત્સુક બનેલા છે. નોનસ્ટોપ કાર્યક્રમમાં સલમાન ખાન કેનેડામાં જોવા મળશે. વિદેશી જમીન પર ભારતીયો માટે લડત ઉપર આધારીત આ ફિલ્મ છે.

બિહારમાં આવા બાળકોની સંખ્યા સૌથી વધારે

ભારતમાં ૨.૩ કરોડ બાળકો કુપોષણથીગ્રસ્ત

નવી દિલ્હી,તા. ૬

ભારતમાં કુપોષણથી ગ્રસ્ત બાળકોની સંખ્યા ૨.૩ કરોડથી પણ વધારે હોવાની ચિંતાજનક બાબત સપાટી પર આવી છે. આઈસીડીએસ તરીકે ાજાણીતા આંગણવાડી કેર સેન્ટર પ્રોગ્રામ અંગે એક નવા અહેવાલમાં આ ચિંતાજનક ચિત્ર સપાટી પર આવ્યુ છે. સ્ટેટસ રિપોર્ટમાં દરેક રાજ્યમાં રહેલા કુપોષણ અને ઓછા વજનથી ગ્રસ્ત બાળકોની સંખ્યા દર્શાવવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બિહારમાં ઓછુ વજન ધરાવનાર બાળકોની સંખ્યા આશરે ૫૦ ટકા જેટલી છે. જ્યારે આંધ્રપ્રદેશમાં ૩૭ ટકા, ઉત્તરપ્રદેશમાં ૩૬ ટકા, રાજશાતન અનેછત્તિસગઢમાં ૩૨-૩૨ ટકા અને અન્ય કેટલાક રાજ્યોમાં પણ આ ટકાવારી ખુબ મોટી છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ સુધીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. જે રાજ્યો સારો દેખાવ કરવામાં સપળ રહ્યા છે તેમાં અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને સિક્કિમનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને તમિળનાડુ પણ સારો રેકોર્ડ રાખવામાં સફળ રહ્યા છે. છ વર્ષની વય સુધી ઓછુ વજન ધરાવનાર વધુ બાળકોની સંખ્યાના મામલે દિલ્હી પણ પાછળ નતી. દિલ્હીમાં આંગણવાડીમાં જતા સાત લાખ બાળકો પૈકી ૩૫ ટકા બાળકો ઓછુ વજન ધરાવે છે. વર્ષ ૨૦૦૫-૦૬માં નેશનલ પેમિલી એન્ડ હેલ્થ સર્વે બાદથી કોઈ પણ નક્કર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી નથી. એ વખતે જણાવાયું હતું કે ભારતમાં શુન્યતી ત્રણ વર્ષની વયના ૪૬ ટકા બાળકો ઓછુ વજન ધરાવે છે. ૧૩ લાખથી વધારે આંગણવાડી છે જેમાં બાળકોને પોષણ સાથે સંબંધિત ભોજન આપવામાં આવે છે.